## પાલી શહેરના લેખો.

### ( ૩૮૧ )

મારવાડના જોધપુરરાજ્યમાં પાલી નામનું એક પ્રસિદ્ધ અને પ્રાચીન શહેર છે. ત્યાં 'નવલખા મંદિર' નામે એક ભવ્ય બાવન જિનાલયવાળું ઘણું જૂનું દેવાલય છે. એ મંદિરમાં બે પ્રતિમાઓની નીચેના ભાગ ઉપર બે સરખા લેખ કોતરેલા છે જેમાંથી એકની નકલ આ ૩૮૧ નંબર નીચે આપેલી છે. લેખનો ભાવાર્થ આ પ્રમાણે છે—

સં. ૧૨૦૧ ના જ્યેષ્ટ વદિ ૬ રવિવારના દિવસે, પલ્લિકા એટલે પાલીમાં શ્રીમહાવીરના મંદિરમાં મહામાત્ય આનંદના પુત્ર મહામાત્ય પૃથ્વીપાલે પોતાના આત્મકલ્યાણાર્થે એ તીર્થંકરોની મૂર્તિઓ કરાવી. ( તેમાંની આ ) અનંતનાથની પ્રતિમા છે.

બીજી પ્રતિમા ઉપર પણ આજ પ્રકારનો લેખ છે પરંતુ તેમાં અંતે 'अनंत' શબ્દને બદલે 'विमल' શબ્દ છે એટલે તે વિમલ-નાથની પ્રતિમા છે.

આ પૃથ્વીપાલના નામના લેખો આબુ ઉપર 'વિમલવસહી'માં પણ છે વિશેષ જુઓ ઉપર પૃ. ૧૫૪.

### ( ૩૮૨ )

આ લેખ ઉક્ત મંદિરમાંજ આવેલી એક પ્રતિમાના સિંહાસન ઉપર કોતરેલો છે. ભાવાર્થ આ પ્રમાણે—

સં. ૧૧૮૮ ના માઘ માસની સુદિ ૧૧ ના દિવસે વીરઉલ્લ ( વીરદેવકુલ ? ) દેવકુલિકામાં દુર્લભ અને અજિત નામના ગૃહસ્થોએ શાંતિનાથની મૂર્તિ બનાવી અને બ્રાહ્મીગચ્છીય દેવાચાર્યે તેની પ્રતિષ્ઠા કરી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૩૮૩ )

આ નંબરનો લેખ એક આદિનાથની મૂર્તિના નીચે પદ્માસન ઉપર લખેલો છે. સાર આ પ્રમાણે--

સં. ૧૧૭૮ ના ફાલ્ગુણ સુદિ ૧૧ ને શનિવારના દિવસે, પલ્લિકા ( એટલે પાલી ) માં આવેલા શ્રીવીરનાથના મહાન્ મંદિરમાં, ઉદ્યોતનાચાર્ય શિષ્ય મહેશ્વરાચાર્યના શિષ્ય દેવાચાર્યના ગચ્છવાળા સાહાર ગૃહસ્થના બે પુત્રો નામે પારસ અને ધણદેવ, તેમાં ધણદેવનો પુત્ર દેવચંદ્ર અને પારસનો પુત્ર હરિચંદ્ર આ બંને મળીને, દેવચંદ્રની ભાર્યા વસુંધરિના પુણ્યાર્થે ઋષભદેવ તીર્થંકરની પ્રતિમા કરાવી.

( ૩૮૪-૯૨ )

૩૮૪ નંબરથી તે ૩૯૨ સુધીના લેખો ઉપર પ્રમાણે જ જુદી જુદી મૂર્તિઓ ઉપર કોતરેલા છે અને તેમાં જણાવેલી બાબત પણ સુસ્પષ્ટ છે.

( ૩૯૩-૯૫ )

આ ત્રણ લેખો એજ મંદિરના મુખ્ય ગર્ભાગારમાં આવેલી વેદિકા ઉપર જે ત્રણ પ્રતિમાઓ સ્થાપિત છે તેમના ઉપર કોતરેલા છે. તેમાં પ્રથમનો લેખ ડાબી બાજુ ઉપર આવેલી સુપાર્શ્વનાથની મૂર્તિ ઉપર, બીજો ( નં. ૩૯૪ ) જમણી બાજુ ઉપરની મહાવીરની મૂર્તિ ઉપર અને છેલ્લો મધ્યસ્થિત પાર્શ્વનાથની પ્રતિમા ઉપર કોતરેલો છે.

ત્રણે લેખો એકજ મિતિના છે અને તે સં. ૧૬૮૬ ના વૈશાખ સુદી ૮ મીની છે. પેહલા અને છેલ્લા લેખમાં જણાવેલી હકીકત આ પ્રમાણે છે.

મહારાજાધિરાજ ગજસિંહજી જ્યારે રાજ્ય કરતા હતા અને મહારાજ કુમાર અમરસિંહ જ્યારે યુવરાજપદ ભોગવતા હતા તથા તેમના કૃપાપાત્ર ચાહુમાનવંશીય જગન્નાથ જ્યારે પાલી નગરનો

૩૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધિકાર ચલાવતા હતા, તે વખતે ઉક્તનગર નિવાસી શ્રીમાલી જ્ઞાતિય સા. મોટિલ અને તેની સ્ત્રી સોભાગ્યદેના પુત્ર સા. ડુંગર તથા ભાખર નામના બંને ભાઇઓએ પોતાના દ્રવ્યવડે નવલખા નામે પ્રસિદ્ધ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તેમાં પાર્શ્વનાથ અને સુપાર્શ્વનાથની પ્રતિમાઓ બેસાડી. હીરવિજયસૂરિના પટ્ટધર આચાર્ય વિજયસેનના શિષ્ય વિજયદેવસૂરિએ, પોતાના પટે જેમની આચાર્ય તરીકે સ્થાપના કરી છે એવા વિજયસિંહસૂરિ આદિ શિષ્ય પરિવાર સાથે રહીને, એ પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. પ્રતિષ્ઠા કરાવનારા બંને ભાઈઓના પુત્રપૌત્રોનાં નામ પણ લેખમાં આપેલાં છે.

વચલા લેખમાં ( એટલે નં. ૩૯૪ માં ) જણાવ્યું છે કે–મેડતા નગર નિવાસી સૂત્રધાર ( સલાટ ) કુધરણના પુત્ર સૂત્રધાર ઇસર, દૂદા અને હાંસા; તથા ઇસરના પુત્ર લખા, ચોખા અને સુરતાણ; દૂદા પુત્ર નારાયણ, અને હંસા પુત્ર કેશવાદિ, સઘળા કુંટુંબિઓએ મળીને આત્મકલ્યાણાર્થે મહાવીરની મૂર્તિ કરાવી. તેની પ્રતિષ્ઠા ઉપર્યુક્ત લેખમાં જણાવેલા ડુંગર ભાખર નામના ભાઈઓએ કરાવેલા પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉક્ત આચાર્ય વિજયદેવસૂરિએ કરી.

આ સૂત્રધારોના ઉપર પણ બે લેખો ( નં. ૩૫૬ અને ૩૭૭ ) આવેલા છે અને ત્યાં ઉપર જણાવ્યા પ્રમાણે આ લોકો જૈનધર્મ પાળનારા હતા એ હવે ચોક્કસ જણાય છે.

( ૩૯૬-૯૭ )

આ બે લેખો પણ એ મંદિરમાંજ આવેલી કોઇ પ્રતિમાઓ ઉપર કોતરેલા છે પરંતુ મ્હને નિશ્ચિત સ્થળ ન જણાયાથી તે આપી શકતો નથી.

આ બધા લેખો જોતાં જણાય છે કે, પાલીનું આ મંદિર ઘણું જૂનું છે અને તે મૂળ મહાવીરનું મંદિર કહેવાતું હતું પરંતુ પાછળથી કોઇ "નવલખા" નામના કુટુંબે તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હશે જેથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ‘ નવલખાપ્રાસાદ ’ નામે ( નં. ૩૯૫ માં જણાવ્યા પ્રમાણે ) પ્રસિદ્ધ થયું. તથા છેવટે ડુંગર ભાખર નામના ભાઇઓએ ફરી પુનરૂદ્ધાર કરીને તેમાં મૂળનાયક તરીકે પાર્શ્વનાથની પ્રતિમા બેસાડેલી હોવાથી હાલમાં તે ‘ નવલખા પાર્શ્વનાથ–પ્રાસાદ ’ કહેવાય છે.

( ૩૯૮ )

પાલી નગરમાં ‘ લોઢાંરો વાસ ’ કરીને એક મોહલ્લો છે તેમાં આવેલા શાંતિનાથના મંદિરમાંની મૂળનાયકની પ્રતિમા ઉપર આ લેખ કોતરેલો છે.

લેખની મિતિ તથા ઘણી ખરી હકીકત ઉપરના નં. ૩૯૩ અને ૩૯૫ ના લેખને મળતી જ છે. પ્રતિષ્ઠા કરાવનારા ઉક્ત ડૂંગર અને ભાખર બંને ભાઇઓજ છે. વિશેષમાં જણાવ્યું છે કે, એ ભાઈઓ ઉપકેશ જ્ઞાતિ એટલે ઓસવાલ જાતિના હતા અને તેમનો વંશ શ્રી શ્રીમાલ × અને ગોત્ર ચંડાલેચા હતું. તેમણે પાલિકાનગર એટલે પાલીમાં નવલખા–પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો ( જે ઉપર જણાવવામાં આવ્યુંજ છે ) અને તેની અંદર મૂલનાયક પાર્શ્વનાથ આદિ ૨૮ તીર્થંકરોની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરાવી. પાંચ હજાર રૂપીઆ ખર્ચીને સોનાનો કલસ અને દંડ કરાવ્યો. ગુજરાત દેશમાં પણ બીજી પ્રતિષ્ઠાઓ કરાવી. તેમની ગોત્ર દેવી અંબિકા હતી.

આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરનાર ચૈત્રગચ્છની શાર્દૂલશાખા અને રાજગચ્છના સમુદાયમાં થએલા ચંદ્રસૂરિના પટ્ટધર રત્નચંદ્રસૂરિ હતા તેમના સાથિઓમાં વા ( વાચક ) તિલકચંદ્ર અને મુનિ રૂપચંદ્રનાં નામો આપ્યાં છે.

---

× શ્રીમાલ અથવા શ્રીમાલી જ્ઞાતિ જે ગુજરાતમાં સર્વત્ર વસે છે તે અને આ ‘ શ્રીશ્રીમાલ ’ જાતિ બંને જુદી છે. આ જાતિ ઓસવાલ જ્ઞાતિનોજ એક વિભાગ છે અને તે ‘ श्रीश्रीमाल ’ ના નામે પ્રસિદ્ધ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૩૯૯ )

આ લેખ ગોડીપાર્શ્વનાથના મંદિરની મૂલનાયકની પ્રતિમા ઉપર કોતરેલો છે. મિતિ ઉપર પ્રમાણેજ છે. પ્રતિષ્ઠા કરનાર વિજયદેવસૂરિ છે. મેડતાનગર નિવાસી ઓસવાલ જ્ઞાતિના કુહાડા ગોત્રવાળા સા. હર્ષા ભાર્યા જયવંતદેના પુત્ર જસવંતે તે મૂર્તિ બનાવરાવી હતી. લેખમાં વચ્ચે, વિજયદેવસૂરિના ઉપદેશથી ગોડવાડ દેશમાં આવેલા વીધરલા નામના ગામના સંઘે એક પ્રતિમા કરાવી હતી (?) તેનો પણ ઉલ્લેખ કરેલો છે. આ કથનનો ભાવાર્થ સ્પષ્ટ રીતે કળી શકાયો નથી. કદાચિત્ તે મૂર્તિની પણ આ વખતે પ્રતિષ્ઠા કરાવવામાં આવી હશે.

( ૪૦૦-૦૧ )

આ બે લેખો, જોધપુર સ્ટેટમાંના ગોડવાડ પ્રાંતમાં આવેલા ખુડાળા નામના ગામના જૈન મંદિરમાંની મૂર્તિઓ ઉપર કોતરેલા મળી આવ્યા છે.

પ્રથમ લેખની મિતિ સં. ૧૫૪૩ ના જ્યેષ્ઠ સુદિ ૧૧ શનિવારની છે. વિશલનગર નિવાસી પોરવાડ જાતિના વોગા આદિ કેટલાંક કુટુંબીઓએ વ્યવહારી કમલાના શ્રેયાર્થે પાર્શ્વનાથની પ્રતિમા બનાવરાવી જેની પ્રતિષ્ઠા જ્ઞાનસાગરસૂરિના શિષ્ય ઉદયસાગરસૂરિએ કરી.

બીજા લેખની મિતિ સંવત્ ૧૫૨૩ ના વૈશાખ સુદિ ૧૧ બુધવારની છે. અંચલગચ્છના આચાર્ય જયકેસરીના ઉપદેશથી પોરવાડ જાતિના વચ્છરાજ શ્રાવકે વિમલનાથની પ્રતિમા ભરાવી અને શ્રી સંઘે તેની પ્રતિષ્ઠા કરી.

શ્રીયુત ભાંડારકરની નોંધમાં એ ગામમાંનો જૂનો પરંતુ ખંડિત એક બીજો પણ લેખ આપેલો છે. જે ધર્મનાથની પ્રતિમા ઉપર કોતરેલો છે. લેખ આ પ્રમાણે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संवत् १२४३ मार्ग वदि ५ सोमे श्रे० रांमदेवपुत्र श्री० नवघरेण उतलस्य............मोक्षार्थं ॥ ९ ॥ ९ ॥

( ४०२ )

આ લેખ શ્રી ભાંડારકરની નોંધમાંથી લેવામાં આવ્યો છે પરંતુ તેનું સ્થળ વિગેરે તે નોંધમાં સ્પષ્ટ રીતે લખેલું ન હોવાથી તે અજ્ઞાત છે. ભીન્નમાલના બીજા લેખો ભેગો આ પણ લખેલો હોવાથી ત્યાંનાજ કોઈ જૈન મંદિરનો લેખ હોય તેમ જણાય છે.

લેખની એકંદર ૧૭ પંક્તિઓ છે તેમાં પ્રારંભમાં ત્રણ શ્લોકો છે અને બાકી બધો ભાગ ગદ્યમાં છે. પહેલા બે શ્લોકોમાં મહાવીર દેવની સ્તુતિ છે અને જણાવ્યું છે કે પૂર્વે આ શ્રીમાલ× નામના નગરમાં મહાવીર દેવ સ્વયં આવ્યા હતા. ત્રીજા શ્લોકમાં થારાપદ્રગચ્છના આચાર્ય પૂર્ણચંદ્રનું નામ છે કે જેમના ઉપદેશથી પ્રસ્તુત લેખમાં જણાવેલું દાન કરવામાં આવ્યું હતું. આના પછી આ લેખ કરવાનો દિવસ કે જે 'સંવત ૧૩૩૩ ના આશ્વિન સુદિ ૧૪ સોમવાર' છે, તે આપ્યો છે. પછી જણાવવામાં આવ્યું છે કે—ઉક્ત દિવસે જ્યારે શ્રી શ્રીમાલનગરમાં મહારાજ કુલ શ્રી ચાચિગદેવ રાજ્ય કર્તા હતા અને તેમના નિમેલા મહં. ગજસિંહ પંચકુલ હતા તે સમયે શ્રીમાલ પ્રાંતનો વહિવટ કર્તા ( વહિવટદાર ) નૈગમ જાતિના કાયસ્થ મહત્તમ શુભટે અને ચેટક કર્મસીહે પોતાના કલ્યાણાર્થે, આસો માસની યાત્રાના મહોત્સવ માટે તથા આસો સુદિ ૧૪ ના દિવસે મહાવીર દેવની પૂજા ભણાવા અર્થે, ગામના પંચ અને અધિકારીઓ પાસેથી માંડવીની જકાતમાંથી પ્રતિવર્ષ ૧૩ દ્રમ્મ અને સાત વિંશોપક ઉક્ત મંદિરમાં દેવદાન તરીકે આપવાનો ઠરાવ કરાવ્યો. છેવટે, આ લેખ

× શ્રીમાલને ભિનમાલ પણ કહેવામાં આવે છે અને વર્તમાનમાં એજ નામે તે શહેર પ્રસિદ્ધ છે. 'શ્રીમાલ' જાતિની ઉત્પત્તિ આજ સ્થાનમાં થઈ છે.



Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

પ્રમાણે પોતાના કલ્યાણાર્થે હમેશાં વર્તવું એમ જણાવી સમાપ્તિ કરવામાં આવી છે.

આ લેખમાં જણાવેલા રાજા ચાચિગદેવનો એક મ્હોટો લેખ જોધપુર રાજ્યના જસવંતપુરા ગામથી ૧૦ માઇલ દૂર ઉત્તરમાં આવેલી સુન્ધા નામે એક ટેકરી ઉપરના ચામુંડાદેવીના મંદિરમાંથી મળી આવ્યો છે. એ પ્રસસ્તિલેખની . રચના વાદી શ્રી દેવસૂરિના પ્રશિષ્ય અને રામચંદ્રસૂરિના શિષ્ય જયમંગલાચાર્યે કરી હતી. ૧૯૦૭ ના સન્માં પ્રો. કીલ્હોર્ને 'એપિગ્રાફિઆ ઇન્ડિકા' માં એ લેખ પ્રકટ કર્યો છે.

( ૪૦૩-૦૭ )

મારવાડ રાજ્યના દેસૂરી પ્રાંતમાં આવેલા પ્રસિદ્ધ શહુર ઘાણેરાવની પાસે એક બેલાર કરીને ગામ છે ત્યાંના આદિનાથના મંદિરમાંથી આ નંબરો વાળા પાંચ ÷ લેખો મળી આવ્યા છે. બધા લેખો એકજ મિતિના છે અને કોઈએ મંદિરનો રંગમંડપ બનાવ્યો, કોઈએ સ્તંભ બનાવ્યા અને કોઇએ લગિકા (?) બનાવી ઈત્યાદિ બાબત જણાવવાનો આ લેખોનો ઉદ્દેશ્ય છે.

પહેલો લેખ ૬ પંકિતમાં લખાએલો છે અને પ્રારંભની બે પંક્તિઓ આખી અને ત્રીજીના શરૂઆતમાં પાંચ અક્ષરો જેટલો ભાગ ગદ્યમાં લખેલો છે. બાકી પદ્યરૂપે છે. અંતિમ આશીર્વાદાત્મક વાકય પણ ગદ્યમાં છે. હકીકત આ પ્રમાણે છે.

---

÷ કલકત્તાવાળા બાબૂ પૂરણચંદ્રજી નાહાર M. A. B. L. એ પ્રકટ કરેલા "जैन लेख संग्रह" માં પણ આ લેખો આવેલા છે અને તેમની સંખ્યા ૯ છે. શ્રીયુત ભાંડારકર તરફથી જે નોંધ મને મળી છે તેમાં ફકત આ પાંચજ લેખો હોવાથી અત્ર તેટલાજ આપવામાં આવ્યા છે. વાચકોએ ધ્યાનમાં રાખવું કે ઉક્ત બાબૂજીનો સંગ્રહ મ્હારી દષ્ટિગોચર થયો તેની પૂર્વેજ પ્રસ્તુત સંગ્રહનો મૂળ ભાગ છપાઇ ચુકયો હતો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત્ ૧૨૬૫* ની સાલમાં ફાલ્ગુન વદિ ૭ ને ગુરૂવારના દિવસે અને ધાંધલદેવના રાજ્ય વખતે, નાણકીયગચ્છના આચાર્ય શાંતિસૂરિના આધિપત્યમાં આવેલા વધિલદે + ચૈત્યમાં ગોષ્ઠી રામા અને ગોસાએ રંગમંડપ બનાવ્યો. રામા એ ધર્કટવંશના ૧ઉસલ શ્રાવકના વંશમાં થએલા પાર્શ્વનો પુત્ર હતો. ૨ગોસા અથવા ગોસાક એ આશદેવના પુત્ર ૩થાંથાનો પુત્ર હતો.

---

* બાબૂજીના સંગ્રહમાં ( પૃષ્ઠ ૨૧૯ લેખ નં. ૮૬૨ ) ૧૨૩૫ ની સાલ આપેલી છે, પરંતુ શ્રીયુત ભાંડારકરની હાથની લખેલી નોંધમાં સ્પષ્ટ અને ચોખા અક્ષરોમાં ૧૨૬૫ લખેલ છે અને તેજ વાસ્તવિક છે. કારણ કે આ લેખ પછી બીજા નંબરના લેખમાં પણ ગોસાનું નામ છે. અને તેની પણ મિતિ ૧૨૬૫ છે. બાબૂજીના સંગ્રહમાં પણ તે લેખની ( પૃ. ૨૨૦ નં. ૮૬૭ ) એજ સાલ છે. બાબૂજીના સંગ્રહમાં એક ત્રીજો પણ એના નામનો લેખ ( નં. ૮૬૫ ) છે જેમાં પણ એજ વર્ષ આપ્યો છે. કદાચ દૃષ્ટિદોષથી તે ભૂલ થઈ હોય તેમ જણાય છે.

+ ‘ વધિલદે ’ એ ગામનું નામ છે અને તે એલારનું જૂનું નામ હોય તેમ જણાય છે.

૧ ‘ ધર્કટવંશ ’ ઓસવાલ જ્ઞાતિનું એક ગોત્ર છે અને હાલમાં તે ‘ ધાકડ ’ નામે પ્રસિદ્ધ છે. મારવાડમાં આ ગોત્રના ઘણાક કુટુંબો મળી આવે છે.

૨ લેખમાં ‘ રામ ’ ના મ્હોટા ભાઇનું પણ નામ આપેલું છે પરંતુ શ્રી ભાંડારકરની નોંધમાં તે સ્પષ્ટ લખેલું ન હોવાથી તેના માટે તેટલી પાંચ અક્ષરોની જગ્યા ખાલી રાખી છે. હમણાં બાબુજીનો સંગ્રહ જોતાં તેમાં તે નામ આપેલું છે, અને તે ‘ પૂમલ્હ ’ છે. ખુટતા પાંચે અક્ષરો આ પ્રમાણે છે ‘ भ्राता पूमल्ह. ’

૩ ‘ थांथा ’ આ અક્ષરો શંકિત જેવા છે. આગળના ( ૪૦૫ ) લેખમાં ‘ धांधा ’ પાઠ છે ( વળી બાબૂજીએ ‘ घांघा ’ પાઠ આપ્યો છે ) જૂની લીપિમાં ‘ थ ’ ‘ घ ’ અને ‘ ध ’ નો ભેદ ઘણી વખતે દ્રષ્ટિગોચર થઇ શકતો નથી અને તેને લીધે આ ભિન્ન પાઠો ઉત્પન્ન થયા છે. મ્હારા વિચાર પ્રમાણે એ નામ ‘ थांथा ’ હોવો જોઇએ કારણ કે તે બે લેખમાં મળી આવે છે.



Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org

૪૦૫ નંબરવાળા લેખમાં ગોસાના બધા કુટુંબિઓના નામ આપ્યાં છે તેમનું પેઢીનામું આ પ્રમાણે થાય છે.

ધર્કટવંશ-પ્રસિદ્ધ પુરૂષ આસદેવ ( સ્ત્રી-સુખમતિ ).

- થાંથા અથવા ધાંધા (સ્ત્રી-જિણદેવી)
  - ગોસા
    - આમ્રવીર
    - ચામજલ
  - કાલ્હા
    - લક્ષ્મીધર
    - મહીધર
  - રાલ્હણ
    - આમ્રેશ્વર
  - ખાવસીંહ
    - દેવજસ
  - પાલ્હણ
    - ધણચંડા
    - દધવદે

( ૪૦૮-૪૧૫ )

આ આઠ લેખો બાલી જીલ્લામાંજ આવેલા નાણા ગામમાંથી મળી આવ્યા છે. લેખોમાં વિશેષ જાણવા જેવું કાંઈ નથી અને હકીકત સ્પષ્ટ સમજાય તેવી છે તેથી અહિં તેનું પિષ્ટ પેષણ કરવું નકામું છે.

ધ્યાનમાં લેવા લાયક હકીકત એ છે કે આ લેખેમાં ( નં. ૪૦૯ તથા ઉપર ૪૦૩-૪ ) જે જ્ઞાનકીય અથવા નાણકીય ગચ્છનું નામ આવેલું છે તેનું નામાભિધાન આ જ ગામ ઉપરથી પ્રચલિત થયું છે. આ ઉપરથી સમજાય છે કે એક વખતે આ સ્થળ ઘણું ભરભરાટીવાળું અને જૈન યતિયોનું વિશેષ રૂપે નિવાસસ્થાન હતું. વર્તમાનમાં પણ આ ગામ એક તીર્થસ્થળ તરીકે ગણાય છે અને ગોડવાડ પ્રાંતમાં ન્હાની અને મ્હોટી એમ જે બે પંચતીર્થિઓ કહેવાય છે. તેમાંની ન્હાની પંચતીર્થીમાંનું આ પણ એક તીર્થ છે. સાધારણ રીતે આ ગામ નાણા-બેડાના જોડકા રૂપે ગણાય છે. બેડા ગામ પણ તેની પાસેજ આવેલું છે અને તે પણ ઉકત પંચ તીર્થીમાંનું એક તીર્થ મનાય છે.

( ૮૧૬ )

આ લેખ, ઈતિહાસ પ્રસિદ્ધ વીરભૂમિ મેવાડના મુકુટ સમાન ચિત્તોડના કિલ્લામાં આવેલા 'શૃંગાર ચાવડી' નામના જૈનમંદિરમાંથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મળી આવ્યો છે. ચિત્તોડના કિલ્લામાંના પ્રસિદ્ધ મકાનોમાં આ ' શૃંગાર ચાવડી ' નામના મંદિરની પણ ગણના થાય છે, અને કર્નલ ટૉડથી લઈને આજ સુધીમાં જે જે પુરાતત્ત્વજ્ઞોએ એ કિલ્લાનું વર્ણન આપ્યું છે તેમાં આ મંદિરનો પણ ઉલ્લેખ થએલોજ છે. આર્કિઓ લૉજીકલ સર્વે ઑફ વેસ્ટર્ન સર્કલના આગળના સુપરિન્ટેન્ડેન્ટ મી. હેન્રી કાઉસેન્સે પોતાના ઇ. સ. ૧૯૦૪ ના પ્રોગ્રેસ રીપોર્ટમાં ચિત્તોડગઢનું વર્ણન આપતાં ઉલ્લિખિત મંદિરનું નીચે પ્રમાણે વર્ણન આપે છે—

" શૃંગાર ચાવડી નામનું એક પશ્ચિમાભિમુખ જૈન દેવાલય છે, તેમાં જમીન ઉપર મધ્ય ભાગમાં એક ઉંચુ ચોરસ ચોતરૂં ( પ્લેટફોર્મ ) છે અને તેના ચારે ખુણે ચાર સ્તંભો છે જે ઉપરના ચાર પાટડાઓના આધાર ભૂત છે. તેમના ઉપર શિખર બાંધવાનો વિચાર હશે એમ તેમની ગોઠવણીથી જણાય છે પરંતુ હાલમાં તો ફક્ત સાદું ગોળ ઘુમ્મટ જ ઉપર વાળેલું છે. આ ' છત્રી ' નીચે ચૌમુખ પ્રતિમા બેસાડેલી હશે એમ જણાય છે. તેને બે દ્વાર છે—એક પશ્ચિમ બાજુએ અને બીજું ઉત્તરે; તથા પૂર્વ અને દક્ષિણ બાજુમાં—તેમની સામેજ ભૂમિતિના આકારવાળી જાળીઓ કોતરેલી છે. સલાટોના નામો ખોળવાનો અમને પૂરો સમય ન હતો તો પણ ઉતાવળેથી અમે તે સંબંધી થોડીક તપાસ કરી; પણ કાંઈ મળ્યું નથી. ડૉ. સ્ટ્રેટન ( Dr. Steratton ) જેણે ચિતોડગઢની વિસ્તૃત હકીકત લખી છે * તે કહે છે કે શ્રૃગારચાવડી કુંભારાણાના જૈન ખચાનચીએ બંધાવ્યાનું કહેવાય છે. ટૉડ કહે છે કે ' મને શાંતિનાથના એક મંદિરમાંથી એક લેખ મળી આવ્યો જેમાં લખેલું હતું કે કુંભારાણાના ભંડારીએ તે બંધાવ્યું હતું. ' આ લેખ કયો તે મ્હને જણાયો નથી. કિલ્લાની ભીંતમાં ચણી દીધેલી બે શિલાઓ અમારા

* આર્કિઓ લૉજીકલ સર્વે ઑફ ઇન્ડિયા, રિપોર્ટસ્. પુ. ૧૨. પૃ. ૧૦૫. ( એ પુસ્તકમાં આ મંદિરનું ચિત્ર પણ આપ્યું છે.—સંગ્રાહક.)



Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

જોવામાં આવી જે શૃંગારચાવડીની કિનારી ઉપર હતી અને હાલમાં માત્ર તેનાથી ૧૦૦ યાર્ડ દૂર છે, તેમાં એમ લખે છે—લેખ બંને શિલાઓમાં સરખોજ છે.–' વિ. સં. ૧૩૩૪ (ઇ. સ. ૧૨૭૮ ) માં સા. સમધાના પુત્ર સા. મહણાની સ્ત્રી સોહિણીની પુત્રી કુમરલાએ શાંતિનાથના ચૈત્ય ( દેવાલય ) સાથે એક ન્હાની દેવકુલિકા બંધાવી.'

શ્રૃંગારચાવડીનું બરાબર અવલોકન કર્યાથી એમ સ્પષ્ટ જણાય છે કે, દરેક ચૌમુખ દેવાલયની માફક આને પણ મૂળ ચાર કમાનો તથા ચાર દ્વારો હતાં; તેમાંનું પ્રત્યેક એક એક દિશા તરફ હતું. પાછળથી પૂર્વ અને દક્ષિણ બાજુના દ્વાર કાઢી ન્હાંખી તેમની જગ્યાએ જાળી કરી દેવામાં આવી છે. બાકીની ભીંતો તથા ખાસ કરીને તેમાં આવેલી મૂર્તિઓ કુમારપાલના સોમનાથ પાટણના જુના દેવાલયની જેવી છે. સાતવીસ, અદ્ભુત અને કુંભાના ચણાવેલાં અન્ય મંદિરોનાં કામથી તે જુદી પડે છે. કદાચ એમ હોઇ શકે કે ઉપર જણાવેલા લેખ પ્રમાણે મૂળ આ શાંતિનાથનું મંદિર હશે અને જે બીજા ફેરફારો દેખાય છે તે કુંભારાણાના ભંડારીના પુત્રે કરાવેલા હશે. ઉપરના લેખમાં જણાવેલું ન્હાનું મંદિર હાલ આસ્તિત્વમાં નથી તેનો સામાન કિલ્લાની ભીંત બાંધવામાં કામે આવ્યો છે. આ કિલ્લો કુંભારાણાની પછી ઘણા વખતે બંધાયો છે. શૃંગારચાવડીની પાસેજ ઉત્તર બાજુએ લગભગ તેને અડકી રહેલી એવી એક દેવકુલિકા છે જે પૂર્ણ બંધાએલી હોય તેમ જણાતી નથી. કેટલાંક કામો ગોઠવ્યા છે પણ તે પૂરા ઘડવામાં આવ્યાં નથી. તેની ભીંતો ઉપર કેટલાંક સલાટોનાં નામો લખેલાં છે તેમાં 'ચાંપા' નું નામ ત્રણ વખતે આવેલું છે. આજ નામ ' અદ્ભુત ' ના મંદિરમાં સાત વખતે આવેલું છે અને જૈન ટાવર ( કીર્તિસ્તંભ ) ની પાસે આવેલા મંદિરમાં પણ એક ઠેકાણે દૃષ્ટિગોચર થાય છે. હું ચોક્સ કહી શકું છું કે આ ન્હાનું મંદિર વિ. સં. ૧૫૫૦ ( ઈ. સ. ૧૪૯૪ ) માં થયું હશે, પરંતુ શ્રૃંગારચાવડી તેની પહેલાંનું ( ઘણું જૂનું ) છે. તે ઘણું કરીને ઇ. સ. ૧૧૫૦ માં થયું હશે. "



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ લેખનો સાર મી૦ (હાલમાં પ્રોફેસર) ભાંડારકરે સન્ ૧૯૦૫-૦૬ ના પ્રોગ્રેસ રીપોર્ટ (પૃ. ૬૦) માં આ પ્રમાણે આપ્યો છે:—

" લેખની મિતિ સંવત્ ૧૫૦૫ ની છે. એમાં શ્રી અષ્ટાપદ નામે શાંતિનાથના દેવાલયના બંધાવ્યાની હકીકત છે. આ દેવાલય કદાચ શૃંગારચાવડી હશે કે જ્યાંથી આ લેખ મળી આવ્યો છે. આ ઉપરથી જણાય છે કે, ઉક્ત મંદિર આ વર્ષમાં બંધાયું હશે. તેનો બંધાવનાર પોતાની પત્નીઓ વિલ્હણદે અને રતનાદે તથા પુત્રો મૂંધરાજ, ધનરાજ, કુમારપાલ વિગેરે સહિત રાણા શ્રી કુંભકર્ણના 'રત્નભંડારી' * કોલાનો પુત્ર શ્રી વેલાક છે. આ મંદિરની પ્રતિષ્ઠા જિનસાગરસૂરિએ કરી હતી. ત્યારબાદ ખરતરગચ્છના આચાર્યોની નામાવલી આપી છે. પ્રથમ જિનરાજ છે. તેના પછી જિનવર્દ્ધન, જિનચંદ્ર, જિનસાગર અને જિનસુંદર એમ અનુક્રમે આવે છે. ડૉ. કલૅટે (Klatt) પ્રસિદ્ધ કરેલી (ઈં. એં. પુ. ૧૧, પૃ. ૨૪૯ માં) ખરતરગચ્છની 'પટ્ટાવલી' માં જિનરાજ ૫૫ માં નંબરે છે. તેમની પછી જિનભદ્રનું નામ આવે છે. પરંતુ વધારામાં કહેવામાં આવ્યું છે કે "પહેલાં જિનવર્ધ્ધનસૂરિને જિનરાજની ગાદિએ બેસાડવામાં આવ્યા હતા." પટ્ટાવલીમાં જિનભદ્ર પછી જિનચંદ્રનું નામ આપ્યું છે. પરંતુ આ યાદીમાં જિનભદ્રનું નામજ નથી, અને જિનચંદ્રનું નામ જિનવર્ધ્ધનની પછી આપ્યું છે. પટ્ટાવલીમાં જિનચંદ્ર પછી જિનસમુદ્રનું નામ છે ત્યારે આ યાદીમાં જિનસાગર તથા જિનસુંદરનાં નામ, જિનચંદ્રની પછી આપ્યાં છે. પટ્ટાવલીમાં આ ફેરફાર વગર શંકાએ કરવો જોઇએ. * એ નક્કીજ છે કે જિનસમુદ્ર જિનસુંદરની પછીજ થએલા છે. જિનસુંદરની મિતિ હમણાં નીચે

* 'રત્નભંડારી' નહિં પણ ફક્ત 'ભંડારી' એટલુંજ લખવું જોઇએ. 'રત્ન' એ શબ્દનો સંબંધ 'ભંડારી' સાથે નહિં પણ તેની પહેલાં આપેલા 'પુત્ર' શબ્દ સાથે છે. અર્થાત્ કોલાનો 'પુત્ર રત્ન' અને 'ભંડારી' એમ એ વિશેષણો છે.—**સંગ્રાહક.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવામાં આવશે તે લેખમાં વિ. સં. ૧૫૧૩ આપી છે; તથા ચિતોડગઢના એક લેખ ઉપરથી જિનસમુદ્રની મિતિ વિ. સં. ૧૫૯૩ આપી છે. ( જુઓ ૧૯૦૪ નો પ્રોગ્રેસરીપોર્ટ, પૃ. ૫૯. ) ”

ઉપર મી. એચ. કાઉસેન્સના આપેલા વર્ણનમાં લખવામાં આવ્યું છે કે ટૉડે શાંતિનાથના મંદિરમાંથી મળેલા લેખના વિષયમાં જે ઉલ્લેખ કરેલો છે તે લેખ મળી શકયો નથી. તે સંબંધમાં મ્હારા વિચાર પ્રમાણે ટોડે સૂચવેલો લેખ તે આજ હોવા સંભવ છે. કારણુ કે લેખમાં જણાવ્યા પ્રમાણે આ મંદિર શાંતિનાથનું છે અને તે કુંભારાણાના ભંડારીના પુત્રેજ બંધાવેલું છે. લેખોકત હકીકત પ્રમાણે આ મંદિર ‘ અષ્ટાપદ ’ નામનું છે અને તેમાં મૂલનાયક તરીકે શાંતિ નાથની સ્થાપના કરેલી હોવાથી તેમના નામે પણ આ મંદિર પ્રસિદ્ધિ પામ્યું હશે. મી. એચ. કાઉસેન્સ ધારે છે તેમ આ મંદિર ચૌમુખ પ્રતિમાઓ બેસાડવા માટે નથી પરંતુ જેમ બીજી ઘણી ઠેકાણે હોય છે તેમ ‘ અષ્ટાપદ ’ તીર્થની સ્થાપના રૂપે ચોવીસે તીર્થંકરોની મૂર્તિઓ અમુક સંખ્યા પ્રમાણે ( ૪, ૮, ૧૦ અને ૨ એમ ) ચારે બાજુએ બેસાડવા માટેનું છે.

( ૪૧૭-૨૧ )

મારવાડના જોધપુર રાજ્યમાંના નગર નામના ગામમાં આવેલા જુદા જૂદા જૈનમંદિરોમાંથી આ પાંચ લેખો મળી આવ્યા છે.

---

* શ્રીયુત ભાંડારકરના કહેવા પ્રમાણે પટ્ટાવલીમાં ફેરફાર કરવાની કાંઇ જરૂર નથી. પટ્ટાવલીમાં જે ક્રમ છે તે પણ યથાર્થ છે. કારણ એ છે, કે, જિનરાજસૂરિ પછી તેમનો સમુદાય બે શાખાઓ વચ્ચે વ્હેંચાઈ ગયો હતો. તેમાં પટ્ટાવલીમાં જે ક્રમ છે તે જિનભદ્રસૂરિની પરંપરા ( જેને મૂળશાખા કહેવામાં આવે છે ) નો છે અને આ લેખમાં જે ક્રમ છે જિનવર્દ્ધનસૂરિની પરંપરાનો છે. તે બંને જિનરાજસુરિની ગાદિએ બેઠા હતા. આ સંબંધમાં વિશેષ જુઓ મ્હારૂં ‘ વિજ્ઞપ્તિ ત્રિવેણિ ’ નામનું પુસ્તક, પ્રસ્તાવના પૃષ્ટ ૮૧ ઉપર આપેલું ટેબલ.—**સંગ્રાહક.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલો લેખ શાંતિનાથના મંદિરનો છે. તેની સાલ સંવત્ ૧૬૧૪ ની છે. આમાં પ્રારંભમાં સાલ આપ્યાં પછી 'વીરમપુર' એવું ગામનું નામ આપ્યું છે જે કદાચિત 'નગર' નું જૂનું નામ હશે. આ પછીના બે લેખોમાં પણ આ નામ લખેલું છે. પછી શાંતિનાથના ચૈત્યનું નામ લખી તિથિ આપી છે જે માર્ગશીર્ષ માસની પ્રથમ દ્વિતીયા છે (પક્ષનો ઉલ્લેખતો કર્યોજ નથી.) ત્યાર બાદ ખરતરગચ્છના આચાર્ય જિનચંદ્રનું નામ આપ્યું છે જે લેખના વખતે વિદ્યમાન હતા. પછી ૪ કાવ્યો આપ્યાં છે અને તેમાં ફકત શાંતિનાથ તીર્થંકરની સ્તવના કરવામાં આવી છે. પછી ધનરાજ ઉપાધ્યાયના કહેવાથી પંડિત મુનિમેરૂએ શિલા ઉપર આ લેખ લખ્યો અને જોધા, દંતા, ગદા અને નરસિંગ નામના સૂત્રધારોએ કોતર્યો, એમ જણાવી, રાઉલ મેઘરાજના રાજ્ય સમયે શાંતિનાથના મંદિરનો આ 'નાલિ મંડપ' બનાવવામાં આવ્યો એમ જણાવ્યું છે.

બીજો (નં. ૪૧૮ નો) લેખ ઋષભદેવના મંદિરમાંનો છે. લેખોમાં આ મંદિરને વિમલનાથનું મંદિર જણાવ્યું છે. હકીકતમાં એમ છે કે-સં. ૧૫૬૮ ના વૈશાખ શુદિ ૭ ના દિવસે. જ્યારે રાઉલ કુંભકર્ણ રાજ્ય કરતો હતો ત્યારે, તપાગચ્છના આચાર્ય હેમવિમલસૂરિના શિષ્ય પં. ચારિત્રસાધુગણિના ઉપદેશથી વિરમપુરના જૈનસમુદાયે વિમલનાથના મંદિરમાં રંગમંડપ કરાવ્યો. સૂત્રધાર હેલાએ તે તૈયાર કર્યો.

ત્રીજો (નં. ૪૧૯) લેખ પાર્શ્વનાથના મંદિરનો છે. ભાવાર્થ આ પ્રમાણે—

સં. ૧૬૮૧ ના (આ સંવત્ આષાઢાદિ છે, એટલે તેની શરૂઆત આષાઢમાસથી થાય છે) ચૈત્ર વદિ ૩ સોમવારના દિવસે રાઉલ જગમાલના રાજ્ય સમયે વીરમપુરના પલ્લીવાલ ગચ્છના ભટ્ટારક યશોદેવની વિદ્યમાનતામાં, પાર્શ્વનાથના મંદિરમાં પલ્લીગચ્છના શ્રાવકોએ ત્રણ ગોખલાઓ સાથે 'નિર્ગમચતુષ્કિકા' એટલે મંદિર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહાર નિકળવાના માર્ગની ચૌકી કરાવી. આ લેખ, ઉપાધ્યાય હરશેખરના શિષ્ય ઉ. કનકશેખરનાં શિષ્ય ઉ. સુમતિશેખરે લખ્યો. સૂત્રધાર હેમાના પુત્રે ( જેનું નામ જતું રહ્યું છે ) [ તે કોતર્યો. ]

છેલ્લા બે લેખો, ઉપર જણાવેલા ઋષભદેવના મંદિરમાંજ આવેલા છે. તેમાં પ્રથમની મિતિ સં. ૧૬૬૭ ના દ્વિતીય અષાઢ સુદી ૬ શુક્રવારની છે. રાઉલ તેજસી તે વખતે રાજ્ય કરતો હતો. તપાગચ્છના આચાર્ય વિજયદેવનું નામ છે. લેખ અપૂર્ણ છે.

બીજા લેખની મિતિ સં. ૧૬૩૭ વૈશાખ સુદિ ૩ ગુરૂવારની છે. રાઉલ મેઘરાજ રાજા હતો. તપાગચ્છના આચાર્ય હીરવિજયસૂરિ અને તેમના પટ્ટધર વિજયસેનસૂરિની વિદ્યમાનતામાં ધર્મસાગરગણિના ઉપદેશથી સંઘે કરાવ્યું, ( શું કરાવ્યું તેનું નામ આપવું રહી ગયું છે ), એવી નોંધ છે.

( ૪૨૨-૨૩ )

આ બે લેખો જસોલ ( મારવાડ–જોધપુર રાજ્યમાં ) ગામના શાંતિનાથના મંદિરમાંના પાટડાઓ ઉપર લખેલા છે.

પહેલો લેખ સં. ૧૨૪૬ ના કાર્તિક વદિ ૨ નો છે અને તેમાં લખેલું છે કે શ્રી દેવાચાર્ય ( વાદીદેવસૂરિ ) ના ગચ્છવાળા ખેટ્ટ ( ગામનું નામ છે ) ના મહાવીર મંદિરમાં શ્રેષ્ઠી સહદેવના પુત્ર સોનિગે ' स्तंभजुग ' એટલે બે થાંભલાઓ કરાવ્યા.

બીજો લેખ સં. ૧૨૧૦ ના શ્રાવણ વદિ ૭ નો છે. તેમાં કોઇ વિજયસિંહ નામના અધિકારી યા ઠાકુરે વાલિગ ( ? )ના દાનનું શાસનપત્ર કરી આપ્યું તે નોંધવામાં આવ્યું છે. આમાંની પહેલાંની ૩ પંક્તિઓ સંસ્કૃતમાં છે અને પછીની ૪ લીટિઓ તે વખતે પ્રચલિત એવી દેશીભાષા ( કે જે ગુજરાતી–રાજસ્થાનીની પૂર્વજ છે ) માં લખેલી છે. આ ભાગમાં જણાવ્યું છે કે, ખેડ ( ગામ )માં જે રાણો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ઠાકુર ) થાય તે જો આ ' વાલિગ ' ( ? ) લઇ લે અથવા ' કુહાડુ ' ( ? ) લઈ લે તેને ગધેડે ચઢવાની ગાળ આપવામાં આવી છે.

આ લેખોમાં લખ્યા પ્રમાણે એ ગામનું મૂળ નામ ખેડ ( સંસ્કૃત ખેટ ) હતું. તથા તે મંદિર પણ મૂળ મહાવીરનું હતું. પણ હાલમાં શાંતિનાથનું કહેવાય છે.

( ૪૨૪ )

આ લેખ મારવાડના પાલંડી નામના ગામનો છે. એની મિતિ સંવત્ ૧૨૪૯ ના માઘ સુદિ ૧૦ ગુરૂવારની છે. તે વખતે મહારાજાધિરાજ કેલ્હણદેવ નડુલ ( નાડોલ ) નો રાજા હતો. અને તેનો પુત્ર જયસિંહ ( જ્યાંથી આ લેખ પ્રાપ્ત થયો છે ત્યાંનો ? ) અધિકાર ચલાવતો હતો. તે વખતે, તેનો મહામાત્ય વાલ્હણ અને મહં. સૂમદેવના પુત્ર રાજદેવે મહાવીરદેવને પાટહ્નલી( ? )માંથી ૧ દ્ર [ મ્મ ? ] ભેટ આપવાની કબુલાત આપી.

( ૪૨૫ )

આ લેખ મારવાડનાજ વધીણા નામના ગામમાંથી મળ્યો છે. આમાં સંવત્ ૧૩૫૯ ના વૈશાખ શુદિ ૧૦ શનિવારના દિવસે, નાડોલ પ્રદેશમાં આવેલા વાઘસીણ (હાલમાં વધીણા) ગામમાં મહારાજ સામંતસિંહદેવના રાજ્ય સમયમાં, વાઘસીણ અને ધુળિયા ગામના રહેવાસી કેટલાક સોલંકીઓએ શાંતિનાથદેવના યાત્રોત્સવ નિમિત્તે એવું દાન કર્યું કે, ઉકત બંને ગામના દરેક અહરટ્ટ પ્રતિ ૪ સેઇ તથા દરેક ઢીંખડા પ્રતિ ૨ સેઇ ગોધુમ એટલે ગહું પ્રતિવર્ષ આપવાં. દાતાઓનાં નામો આ પ્રકારે છે—

વાઘસીણ ગામના સોલંકી પાભટ પુત્ર રજત્.

,, ગાગદેવ ,, આંગદ અને માંડલિક.

,, સીમાલ ,, કુંતા અને ધારા.

,, માલા ,, મોહણ, ત્રિભુવણ અને પદ્મા.

,, હરપાલ.

,, ધૂમણ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પટીયાયત્ વણિગ સીહા.

ધુલિયા ગામના—સોલંકી જયણુસીંહ પુત્ર જયતમાલ.

,, મંડલિક.

( ૪૨૬ )

સિરોહીરાજ્યના વાસા નામના ગામથી બે માઈલ ઉપર એક નામાવશેષ થએલું કાળાગરા નામનું ગામ હતું ત્યાંથી આ લેખ પ્રાપ્ત થયો છે. લેખની ૧૪ પંક્તિઓ ઉપલબ્ધ છે તેમાં પ્રથમ પાંચ તથા ૧૧ અને ૧૨ એમ ૭ પંક્તિઓ અખંડ છે. બાકીનો ઘણોખરો ભાગ ખંડિત થઇ ગયો છે.

લેખની મિતિ સં. ૧૩૦૦ ના જ્યેષ્ટ સુદિ ૧૦ સોમવારની છે. તે વખતે ચંદ્રાવતી ( આબૂની નીચેનું નષ્ટ થએલું પુરાતન સ્થાન ) માં મહારાજાધિરાજ આલ્હણસિંહ રાજ્ય કરતો હતો અને તેનું પ્રધાનપણું મહં. ષેતા કરતો હતો. પછીની હકીકત નષ્ટ થઇ ગઇ છે પરંતુ એટલું જણાય છે, કે, મહં. ષેતાએ, કલાગરગામમાં પાર્શ્વનાથ-દેવ માટે કાંઇક ભેટ આપવા માટે આ શાસન લખી આપ્યું હતું.

આ લેખમાં જણાવેલો રાજા આલ્હણ કયા વંશનો હતો તે હજી ચોક્કસ જાણી શકાયું નથી. પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝા પોતાના सीरोही राज्य का इतिहास નામના હિંદી પુસ્તકમાં ( જુઓ પૃષ્ટ ૧૫૪ ની નોટ ) લખે છે કે—

" સિરોહી રાજ્યના વાસાગામથી બે માઇલ ઉપર કાળાગરા કરીને એક ગામ હતું, જેનો હાલમાં કાંઈ પણ અંશ વિદ્યમાન નથી, પરંતુ ત્યાંથી એક શિલાલેખ વિ. સં. ૧૩૦૦ ( ઇ. સ. ૧૨૪૩ ) નો મળ્યો છે જેમાં ચંદ્રાવતીના મહારાજાધિરાજ આલ્હણસિંહનું નામ છે. એ આલ્હણસિંહ ક્યા વંશનો હતો એ બાબતમાં તે શિલાલેખમાં કાંઇ પણ લખ્યું નથી. આવી સ્થિતિમાં એજ અનુમાન થઇ શકે છે

* આ ' સોલંકી ' તે રાજપુત્ર ( રજપૂત ) ' ચાલુક્ય ' શબ્દનો અપભ્રંશ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે આલ્હણસિંહ યા તો કૃષ્ણરાજનો પુત્ર હશે અને તેના પછી તે ( કૃષ્ણરાજ ) ના બીજા પુત્ર પ્રતાપસિંહે રાજ્ય મેળવ્યું હોય, કે જેથી મોટા ભાઈનું નામ છોડી દઇ પ્રતાપસિંહને તેના પિતા સાથે જોડી દેવામાં આવ્યો હોય. અને જો આલ્હણસિંહ કોઈ બીજાજ વંશનો * હોય તો તો એમ માનવું પડશે કે તેણે કાન્હડદેવ અથવા તેના પુત્ર પાસેથી ચંદ્રાવતી પડાવી લીધી હશે. ”

( ૪૨૭ )

સીરોહી રાજ્યના કાયદ્રાં × નામના ગામના જૈનમંદિરની આજુ-બાજુ આવેલી દેવકુલિકાઓમાંથી એકના દ્વાર ઉપર આ લેખ કોતરેલો છે. લેખ ત્રણ અનુષ્ટુભ્ શ્લોકોમાં લખાએલો છે અને તેનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ—

ભિલ્લમાલ ( જેનું બીજું નામ શ્રીમાલ પણ છે ) નગરથી નિકળેલા પ્રાગ્વાટ ( પોરવાડ ) વણિકોમાં શ્રેષ્ઠ અને રાજાવડે પૂજિત એવો એક ગોલચ્છૂ ( ? ) નામે પ્રસિદ્ધ શ્રીમાન્ હતો. તેને જજ્જુક, નમ્મ અને રામ એમ ત્રણ પુત્રો હતા. તેમાંથી જજ્જુકના પુત્ર વામને સંસારથી ત્રસ્ત થઇ મુકિત મેળવવા માટે આ જૈનમંદિર બંધાવ્યું. છેવટે, ‘ સંવત્ ૧૦૯૧ ’ ની સાલ આપી છે.

( ૪૨૮ )

આ લેખ સીરોહી રાજ્યના ઉથમણ નામના ગામમાંથી મળ્યો છે. લેખની ૩ લીટીઓ છે જેમાં પ્રથમ પંકિતનો લગભગ પોણો ભાગ ગદ્યમાં છે અને બાકી પદ્યમાં છે. પદ્યભાગ ત્રણ અનુષ્ટુભ્ શ્લોકનો બનેલો છે. ( આ શ્લોકો વ્યાકરણની દષ્ટિએ ભ્રષ્ટ છે. ) . હકીકત આ પ્રમાણે.

---

* પ્રસ્તુતમાં ચંદ્રાવતીના પરમાર વંશનું વર્ણન ચાલતું હોવાથી, બીજા એટલે પરમાર શિવાયના વંશનો હોય, એમ સમજવું–સંગ્રાહક.

× કાયંદ્રા ગામ માટે જુઓ ઉપર પૃષ્ટ ૧૫૫ માં આવેલા ‘ કાસહૃદગચ્છ ’ ઉપર આપેલી નોટ.

૩૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત્ ૧૨૫૧ ના આષાઢ વદિ ૫ ગુરૂવારના દિવસે ઊથણુ નામના સુસ્થાનમાં આવેલા નાણકીયગચ્છના પાર્શ્વનાથના મંદિરમાં, કોઇ ધનેશ્વર નામના ગૃહસ્થનો પુત્ર યશોભટ અને તેની બ્હેન ધરમતી આ બંને જણાએ સુંદર રંગમંડપ બનાવ્યો. આ કામમાં યશોભટનો પુત્ર યશધર તથા તેના ભાઈઓ નામે દેવધર, આલ્હા અને પાલ્હા પણ તેમને અનુમત હતા.

( ૪૨૯ )

આ લેખ મારવાડના ગાંગાણુ નામના ગામમાંથી ઉપલબ્ધ થયો છે. સાર આ પ્રમાણે છે—

સં. ૧૨૪૧ ના વૈશાખ સુદિ ૭ ના દિવસે, કેલ્હણદેવના રાજ્ય સમયે અને તેનો પુત્ર મોઢલદેવ ધંધાણુક ( ગાંગાણુ ) નો અધિકાર ચલાવતો હતો ત્યારે, ત્યાંના શ્રીમહાવીરદેવના વાર્ષિક ઉત્સવનિમિત્તે પનાયિય ( ? ) ભં. યદુવીર ગુણધરે માંડવ્યપુરની મંડપિકામાંથી એક ( ? ) દ્રમ્મ દર મહિને આપવાની કબુલાત આપી. પછી પુરાણોના પ્રસિદ્ધ બે શ્લોકો આપ્યા છે. છેવટના શ્લોકમાં લખેલું છે કે-દેવદાન તરીકે અપાએલી વસ્તુનો ( ચાહે પોતે આપી હોય અથવા બીજાએ આપી હોય ) જો કોઈ અપહાર કરે છે તે ૬૦ હજાર વર્ષ સુધી નરકમાં કીડો થઇને રહે છે.

( ૪૩૦ )

આ શિલાલેખ સીરોહી રાજ્યના ઝાડોલી ગામમાં આવેલા શાંતિનાથના મંદિરમાંથી મળી આવ્યો છે. આના સંબંધમાં વિશેષ જાણવા લાયક હકીકત શ્રીયુત ભાંડારકર નીચે પ્રમાણે આપે છે. ( જુઓ, આર્કિઑલૉજીકલ સર્વે, વેસ્ટર્ન સર્કલ, પ્રોગ્રેસ રીપોર્ટ સ. ૧૯૦૫-૦૬, પૃષ્ટ ૪૮ ):—

" ઝાડોલી ગામ સીરોહીથી પૂર્વમાં ૧૪ માઈલ દૂર આવેલું છે. ત્યાં એક શાંતિનાથનું જૂનું જૈનમંદિર છે. અન્ય જૈન દેવાલયોની માફક આ પણ એક કંપાઉંડમાં ઘેરાએલું છે અને તેની આજુબાજુએ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવકુલિકાઓ તથા પરસાલો આવેલી છે. આગળના ભાગમાં આવેલા દેવગૃહમાં એક મ્હોટી શિલા જડેલી છે. અને તેના ઉપર એક લેખ કોતરેલો છે. આ લેખ પરમાર રાજા ધારાવર્ષના રાજ્યનો હોઇ તેની મિતિ ' સંવત ૧૨૫૫ ના આસોય સુદિ ૭ બુધવાર'ની છે જે ડોકટર કીલહોર્નના ગણુવા પ્રમાણે ઈ. સ. ૧૧૯૮ ના સપ્ટેંબર, તારીખ ૯ બુધવાર થાય છે. લેખ ઉપરથી એમ જણાય છે કે પહેલાં આ મંદિર મહાવીરદેવનું હતું. હાલમાં જેમ શાંતિનાથનું કહેવાય છે તેમ નહિ. આ લેખમાં એમ છે કે ધારાવર્ષની રાણી શ્રૃંગારદેવિએ જમીનનો એક ભાગ મંદિરને બક્ષીસ કર્યો હતો. આ દેવાલયનો અંદરનો ભાગ ખાસ જોવાલાયક છે. પરંતુ બહારનું દ્વાર ઉદેપુર સ્ટેટના કરેડા ગામમાં આવેલા પાર્શ્વનાથના મંદિરના જેવું તથા તેના સ્તંભો અને કમાનો આબુના વિમલશાહના દેવાલયના જેવી છે.

ત્યાં આગળ પરસાળમાં એક બીજો પણ શિલાલેખ છે. જેની મિતિ વિ. સં. ૧૨૩૬, ફાલ્ગુણ વદિ, ચતુર્થીની છે. તેમાં શ્રીદેવચંદ્રસૂરિએ કરેલી ઋષભદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા વિષે ઉલ્લેખ છે. આ મૂર્તિ પાસેના કોઇ દેવકુલમાં હશે ".

મૂળ આ લેખ પાંચ પંક્તિમાં લખાએલો છે. તેમાં છેવટની પંક્તિનો અર્ધા ઉપર જેટલો ભાગ ગદ્યમાં છે બાકી બધો પદ્યમય છે. પદ્યોની સંખ્યા ૭ છે અને તે વસંતતિલકા, આર્યા, શાર્દૂલવિક્રીડિત અને અનુષ્ટુભ જેવા જુદા જુદા છન્દોનાં છે.

પ્રથમ પદ્યમાં મહાવીરદેવની સ્તુતિ કરવામાં આવી છે. બીજામાં, અઢારસો દેશમાં શિરોમણિ સમાન ચંદ્રાવતી નગરીના પ્રમારકુલના રાજા ધારાવર્ષનું નામ છે. ત્રીજામાં તેની પટ્ટરાણી શૃંગારદેવી કે જે કેલ્હણ ( નાડોલના ચૌહાણ ) ની પુત્રી થતી હતી, તેનો ઉલ્લેખ છે. ત્યાર પછીના પદ્યમાં, તે ગામનો કારભાર ચલાવનાર મંત્રી નાગડનો નામોલ્લેખ કરેલો છે. પાંચમા પદ્યમાં, ૧૨૫૫ ની સાલનો ઉલ્લેખ છે, તથા દુંદુભિ (?) નામના ગામનું સૂચન છે, જે કદાચિત્ ઝાડોલીનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરાતન નામ હશે (?). પછીના કાવ્યમાં, મહાવીરના મંદિરના શ્રાવકોએ, તે મંદિરમાં છ ચોકી સહિત શ્રીમંડપનો ઉદ્ધાર કર્યો તેનો ઉલ્લખ કરેલો છે. ત્યાર બાદ આવેલા કાવ્યમાં, એ ત્રિકનું ('ત્રગડું' જેને કહે છે તેનું) યાવચ્ચંદ્રદિવાકરૌ સુધી સ્થાયિત્વ ઇચ્છયું છે. આઠમા શ્લોકમાં, શ્રીમહાવીર દેવની પૂજા માટે ઉક્ત રાણી શૃંગારદેવીએ એક સુંદર વાડી ભેટ આપી તેનું કથન છે. અંતિમ પદ્યમાં, આ દાનમાં દાણિક એટલે મારવાડમાં જેને ડાણી કહે છે તે (જકાત લેનાર) તથા નીરડ સૂત્રધાર એ બંને સાક્ષીભૂત થયા છે, એમ જણાવ્યું છે.

પછીના ગદ્યમાં, પ્રારંભમાં શ્રીતિલકપ્રભસૂરિનું નામ આપ્યું છે જેમણે આ લેખની રચના કરી હતી. છેવટે, 'સંવત્ ૧૨૫૫ ના આસોય સુદિ ૭ બુધવાર' ની ફરી મિતિ આપી જણાવ્યું છે કે એ દિવસે બધા શ્રાવકોએ મળીને ત્રિકનો ઉદ્ધાર કરાવ્યો.

( ૪૩૧ થી ૪૪૩. )

આ નંબરોવાળા ૧૩ લેખો, મારવાડના પ્રસિદ્ધ શહેર મેડતામાંથી મળેલા છે. તે શહેર આગળના વખતમાં એક ઘણુંજ ભરભરાટીવાળું અને વ્યાપારનું કેન્દ્ર હતું. અકબર, જહાંગીર અને શાહજહાં બાદશાહોની વખતમાં ત્યાં જૈન કોમની ઘણીજ આબાદી અને ઉન્નત સ્થિતિ હતી. વિશેષ કરીને તપાગચ્છ અને ખરતરગચ્છ એ બે ગચ્છવાળાઓનું પ્રાબલ્ય વધારે હતું. તે વખતના તપાગચ્છના હીરવિજય, વિજયસેન અને વિજયદેવ નામના, અને ખરતરગચ્છના જિનચંદ્ર, જિનસિંહ અને જિનરાજ નામના સુપ્રસિદ્ધ આચાર્યો અનેક વાર ત્યાં ચાતુર્માસ રહેલા છે તેમજ ઉક્ત ગચ્છોના બીજા અનેક વિદ્વાન યતિઓએ ઘણીવાર ત્યાં નિવાસ કરેલો છે. એ ગામમાં હાલમાં ૧૨ જૈનમંદિરો વિદ્યમાન છે. એ મંદિરોમાંથી કેટલાકની પ્રતિમાઓ અને તેમની નીચેની વેદિઓ કે જેમને મારવાડમાં 'ચરણચોકી' કહે છે તેમના ઉપર કોતરેલા આ બધા લેખો મળી આવે છે. બાબૂ પૂરણચંદ્રજી નાહારના લેખસંગ્રહમાં મેડતાના લેખોની સંખ્યા, આ સંગ્રહ કરતાં વધારે છે. પરંતુ મ્હને પ્રથમ જેટલા મળ્યા તેટલાજ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં છાપવામાં આવ્યા છે. કહેવાની જરૂર નથી કે આ લેખ પણ બીજા લેખોની માફક શ્રીયુત્ ભાંડારકર મહાશયેજ મોકલી આપ્યા હતા.

આ લેખોમાંના પહેલાંના ત્રણ લેખો, જેને ત્યાંના લોકો 'નવું મંદિર' કહે છે તેમાંની પ્રતિમાઓ ઉપરના છે. * હકીકત સ્પષ્ટજ છે. સાર-રૂપ ટાંચણ નીચે પ્રમાણે છે.

૪૩૧. સાલ ૧૬૧૧. બૃહત્ખરતરગચ્છના આચાર્ય જિનમાણિક્યના સમયમાં, શ્રીમાલ જાતિના પાપડ ગોત્રવાળા જીવરાજે પાર્શ્વનાથનો પરિગૃહ ( પરિકર ) કરાવ્યો. લેખમાં છેવટનું વાકય મ્હારી પાસેની નોંધમાં શંકિત છે, પરંતુ બાબૂ પૂ. નાહારના સંગ્રહમાં धर्मसुंदर गणिना प्रतिष्ठितं, शुभं भवतु આ પ્રમાણે આપ્યું છે, તે પ્રમાણે ધર્મસુંદર ગણિએ ઉકત પરિકરની પ્રતિષ્ટા કરી, એમ નિશ્ચિત થાય છે.

૪૩૨. મિતિ ૧૫૬૯ ના માઘ સુદિ ૧૩, સ્તંભતીર્થ ( ખંભાત ) ના ઓસવાલ જ્ઞાતિના સા. જીરાકે પોતાના કુટુંબ સાથે ( નામો આપ્યાં છે ) પિતાના વચનથી, સુમતિનાથની પ્રતિમા કરાવી. પ્રતિષ્ઠા કરનાર તપાગચ્છના સુમતિસાધુસૂરિના પટ્ટધર હેમવિમલસૂરિ. સાથે મહોપાધ્યાય અનંતહંસગણિ વિગેરે શિષ્ય પરિવાર હતો.

૪૩૩. મિતિ સં. ૧૫૦૭ ના ફા. વ. ૩ બુધવાર. ઓસવાલ જાતિના વહરા ( વો'રા ) હિમતિએ પિતાના કલ્યાણાર્થે શાંતિનાથની પ્રતિમા કરાવી. ખરતરગચ્છના જિનભદ્રસૂરિના શિષ્ય જિનસાગરસૂરિએ પ્રતિષ્ઠા કરી.

૪૩૪. આ લેખ 'ચોપડાંરો મંદિર' જેને કહેવામાં આવે છે તેમાંની પ્રતિમા ઉપર કોતરેલો છે. આ પછી, નં. ૪૩૯ અને નં. ૪૪૩ ના લેખો પણ આ લેખને પૂરેપૂરા મળતા છે તેથી ત્રણેનો સાર આ પ્રમાણે છેઃ—

* આ બધા લેખોના સ્થળ માટે મ્હારી પાસે ચોક્કસ નોંધ નથી. લેખોની નકલો જે મ્હને મળી છે તેમની ઉપર સ્થળ-નોંધ આપી છે ખરી પરંતુ તે બહુજ ગડબડવાળી અને ખાડીબાળી છે, તેથી સ્થળ સંબંધે ભ્રાંતિ જણાય તો તે સંભવિત છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિતિ સં. ૧૬૭૭ ના જ્યેષ્ઠ વદિ ૫ ગુરૂવાર. તે વખતે બાદશાહ જહાંગીર રાજ્ય કરતો હતો. શાહજાદા શાહજહાંનું નામ પણ આપેલું છે. ઓસવાલ જ્ઞાતિના ગણધર ચોપડા ગોત્રવાળા સંઘવી આસકરણે પોતે બનાવેલા મમ્માણી ( સંગેમર્મર ) ના પથ્થરના સુંદર વિહારમાં ( મંદિર ) શાંતિનાથ તીર્થંકરની મૂર્તિની સ્થાપના કરી જેની પ્રતિષ્ઠા બૃહત્ખરતર ગચ્છના આચાર્ય જિનરાજસૂરિએ કરી. તેમની સાથે તેમના ઉત્તરાધિકારી જિનસાગરસૂરિ વિગેરે શિષ્ય પરિવાર પણ હતો. સૂત્રધારનું નામ સુજા હતું.

લેખોમાં સં. આસકરણના પૂર્વજો અને કુટુંબિઓનાં જે નામો આપ્યાં છે તેમનો વંશવૃક્ષ નીચે પ્રમાણે બને છેઃ—

ઓસવંશ-ગણધર ચોપડા ગોત્ર

- સંઘવી નગા,-ભાર્યા નયણાદે.
  - સંથ્રામ,-ભા૦ તોલી.
    - માલા,-ભા૦ માલ્હણદે.
    - દેકા,-ભા૦ દેવલદે.
      - મેઘા.
      - કોઝા
      - કચરા,-ભા. કઉડિમદે તથા ચતુરંગદે
        - ચાંપસી
        - અમરસી,-ભા૦ અમરાદે,
          - સં. આસકરણ,-ભા. અજાઇબદે.
            - ઋષભદાસ.
            - સૂરદાસ.
          - અમીપાલ,-ભા. અપૂરવદે.
            - ગરીબદાસ.
          - કપૂરચંદ.
      - રતના.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આસકરણે અર્બુદાચલ એટલે આબુ અને વિમલાચલ એટલે શત્રુંજયના સંઘો કાઢયા હતા અને તેના લીધે તેણે સંઘપતિનું તિલક પ્રાપ્ત કર્યું હતું. તથા જિનસિંહસૂરિની આચાર્ય પદ્વીનો નંદિ મહોત્સવ કર્યો હતો. * તેમજ બીજાં પણ અનેક ધર્મકર્તવ્યો કર્યાં હતાં.

પ્રતિષ્ઠા કર્તા આચાર્યની વંશાવલીમાં, પ્રથમ જિનચંદ્રસૂરિ છે જેમણે અકબર બાદશાહને પ્રતિબોધ આપ્યો હતો અને બાદશાહે તેમને 'યુગ પ્રધાન' ની પદ્વી આપી હતી. તેમના પછી જિનસિંહસૂરિનું નામ છે. તેમણે કઠિન એવા કાશ્મીર દેશમાં વિહાર એટલે મુસાફરી કરી હતી. વાર, સિંફુર, અને ગજ્જણા ( ગિઝની )

---

* ક્ષમાકલ્યાણગણિની 'ખરતરગચ્છ પટ્ટાવલી' માં આ મહોત્સવની મિતિ 'સંવત્ ૧૬૭૪, ફાલ્ગુણ સુદિ ૭' આપી છે. યથા—

'ततः सं. १६७४ फाल्गुन सुदि सप्तम्यां मेडताख्ये नगरे चोपडागोत्रीय साह आसकरणकृतमहोत्सवेन सूरिपदं ।'

શ્રીયુત ભાંડારકરે, આર્કિઑલૉજીકલ સર્વે, વેસ્ટર્ન સર્કલ, ના સન્ ૧૯૧૦ ના પ્રોગ્રેસ રીપોર્ટ ( પૃ. ૬૨ ) માં, મેડતાના આ પ્રસ્તુત શિલાલેખની સાર ગર્ભિત નોંધ લખી છે તેમાં તેમણે ઉપરના વાકયનો ( જે મૂલમાં 'विहितकठिनकाश्मीरविहार' આવો પાઠ છે તેનો ) વિચિત્રજ અર્થ આપ્યો છે. અને શત્રુંજયના લેખોમાં ( પ્રસ્તુત સંગ્રહમાંના લેખ નં. ૧૭, ૧૮ અને ૧૯ માં ) આવેલા આજ વાક્યના ડૉક્ટર બુલ્હરે વાંચેલા ખરા પાઠ તેમજ તેના કરેલા યથાર્થ અર્થને ભ્રાંતિવાળો ધારવાથી પોતેજ વિચિત્ર ભ્રાંતિમાં ગુંચવાઈ ગયા છે. શ્રીયુત ભાંડારકરની એ નોંધ નીચે પ્રમાણે છે:—

"વળી, તેણે [ જિનસિંહે ] કબિલ ( કાબુલ ) અને કાશ્મીરમાં વિહાર અર્થાત્ મંદિરો બંધાવ્યાં, અને શ્રીકર, શ્રીપુર ( શ્રીનગર ) અને ગજ્જર્ણક ( ગઝની ) માં અમારી પડહ વજડાવ્યો. લગભગ આની આ હકીકત શત્રુંજયના શિલાલેખોમાં આવે છે; પણ ધારવા પ્રમાણે બુલ્હર કબિલ એટલે 'કાબિલ' કે જે નામથી કાબુલ હજી સુધી પણ મારવાડમાં પ્રસિદ્ધ છે, તેને બદલે કઠિન વાંચે છે તે ખોટું છે." 'વિહાર' શબ્દ જૈન સાધુઓમાં 'વિચરણ અર્થાત 'મુસાફરી' ના અર્થમાં પણ વિશેષરૂપે વપરાય છે તેનો બરાબર ખ્યાલ ન આવવાથી શ્રીયુત ભાંડારકરે 'વિહાર' એટલે 'મંદિર'



Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

આદિક દેશોમાં પણ તેમણે અમારી એટલે જીવદયા પ્રવર્તાવી હતી. જહાંગીર બાદશાહે તેમને ' યુગ પ્રધાન ' ની પદ્વી સમર્પી હતી. ત્યારબાદ પ્રસ્તુત પ્રતિષ્ઠા કરનાર જિનરાજસૂરિના સંબંધમાં લખવામાં આવ્યું છે કે તેમને અંબિકા દેવિએ વર આપ્યો હતો. સંઘવી શીવજીએ કરાવેલા શત્રુંજયના અષ્ટમ ઉદ્ધારની તેમણે પ્રતિષ્ઠા કરી હતી. ભાણુવડનગરમાં પાર્શ્વનાથની પ્રતિમાની સ્થાપના કરી હતી. તેઓ જાતે બોહિત્થ ( હાલમાં જેને બોથરા કહે છે ) વંશ એટલે ગોત્રના હતા અને તેમના પિતાનું નામ ધર્મસી તથા માતાનું નામ ધારલદે હતું.

આ આચાર્યોના સંબંધમાં લખેલી હકીકતને, શત્રુંજય પર્વતના ચૌમુખજીની ટુંકમાંના લેખોની ( જુઓ, ઉપર લેખ નં. ૧૭ થી ૨૦ તથા તેમનું અવલોકન ) તથા ' ખરતરગચ્છ પટ્ટાવલી ' ની પણ પૂરેપૂરી પુષ્ટિ મળેલી છે. ક્ષમાકલ્યાણકગણિ પોતાની પટ્ટાવલીમાં આ સં. આસકરણની પ્રતિષ્ઠાનો પણ ઉલ્લેખ કરે છે. યથા

' तथा पुनर्मेडताख्ये नगरे गणधरचोपडागोत्रीय संघपतिश्री आसकरणसाह कारित चैत्याधिष्ठायक श्रीशान्तिनाथप्रतिष्ठा निर्मिता।'

૪૩૫. આ લેખ ' લોઢાંરો મંદિર ' માં જે ચિંતામણિ પાર્શ્વનાથની

---

નો અર્થ લઈ ઉપર પ્રમાણે વિચાર બાંધ્યો છે, પરંતુ તે સ્પષ્ટ ભ્રાંતિ છે. શત્રુંજયના લેખોમાં ' કબિલ ' નહિ પણ ' કઠિન ' પાઠજ સ્પષ્ટ રીતે લખેલો છે. તેમજ અન્યાન્ય ઐતિહાસિક ઉલ્લેખોથી પણ તેજ બાબત સત્ય ઠરે છે. કાબુલમાં કોઇએ ' વિહાર ' એટલે જૈનમંદિર બાંધ્યું હોય તેનો દાખલો જૈનસાહિત્યમાં હજી સુધી મારી નજરે આવ્યો નથી. કાશ્મીરમાં જૈનયતિઓના માટે મુસાફરી કરવી તે ઘણુંજ કઠિન કામ હોવાથી અને જિનસિંહ એક વખતે અકબરની સાથે ત્યાં બહુ પરિશ્રમ સહન કરીને ગએલા હોવાથી તેમનું આ કામ ખાસ શિલાલેખમાં નોંધવા જેવું ગણાયું છે. તપાગચ્છના હીરવિજયસૂરિના સાધુ મહોપાધ્યાય શાંતિચંદ્રજી પણ એક વખતે ઘણો ત્રાસ સહન કરી અકબરની સાથે એ પહાડી મુલકમાં ગયા હતા જેનો ઉલ્લેખ ઘણે ઠેકાણે કરેલો જોવામાં આવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિમા છે તેના ઉપર કોતરેલો છે. મિ. સં. ૧૬૬૯ ના માઘ સુદિ ૫ શુક્રવાર, મહારાજાધિરાજ સૂર્યસિંહના રાજ્ય વખતે, ઉપકેશ જ્ઞાતિના લોઢાગોત્રવાળા સં. રાયમલ્લના પુત્ર સં. લાષાકે પાર્શ્વનાથની પ્રતિમા કરાવી. પ્રતિષ્ઠા કરનાર ખરતરગચ્છની આદ્યપક્ષીય એટલે આદિશાખાવાળા જિનસિંહસૂરિના શિષ્ય જિનચંદ્રસૂરિ.

૪૩૬. 'સાંડારીપોળ' માંના મંદિરમાંથી મળેલો. મિતિ સં. ૧૬૮૭ ના જયેષ્ટ સુદિ ૧૩ ગુરૂવાર. સં. જસવંતના પુત્ર અચલદાસે વિજયચિંતામણિ નામે પાર્શ્વનાથની પ્રતિમા કરાવી. પ્રતિ. તપાગચ્છના વિજયદેવસૂરિ.

૪૩૭. 'કડલાજીકો મંદિર' માંથી પ્રાપ્ત. મિતિ સં. ૧૬૮૪ માઘ સુદિ ૧૦ ને સોમવાર. પ્રતિમા કરાવનાર તથા પ્રતિષ્ઠા કરનાર ઉપર પ્રમાણે.

૪૩૮. 'સાંડારી પોળ' માંથી મળેલો. મિતિ સં. ૧૬૭૭ ની અક્ષયતૃતીયા એટલે વૈશાખ સુદિ ૩ શનિવાર. મેડતાની રહેનારી સા. લાષાની સ્ત્રી સરૂપદેએ મુનિસુવ્રતની પ્રતિમા કરાવી. પ્રતિ. જહાંગીર બાદશાહે જેમને મહાતપાનું બિરૂદ આપ્યું તે વિજયદેવસૂરિ.

૪૩૯. આ લેખ નવા મંદિરમાં આવેલી ઋષભદેવની પ્રતિમાની નીચે ચરણુ ચોકી ઉપર કોતરેલો છે. ભાવાર્થ ઉપર આપી દેવામાં આવ્યો છે.

૪૪૦. મહાવીરના મંદિરમાંથી મળેલો. મિતિ નં. ૩૩૮ પ્રમાણે. મેડતાના રહેવાશી ઓસવાલ જ્ઞાતિના સમદડિયા ગોત્રવાળા સા. માનાના પુત્ર સા. રામાકે મુનિસુવ્રતની મૂર્તિ બનાવી પ્ર. વિજયદેવસૂરિ.

૪૪૧. આ પણ એજ મંદિરમાં. સં. ૧૬૫૩ ના વૈશાખ શુદિ ૪ બુધવારના દિવસે ગાદહીઆ ગોત્રવાળા સં. હાસાના પુત્ર પદમસીએ શાંતિનાથની પ્રતિમા કરાવી. પ્ર. તપાગચ્છીય બિજયસેનસૂરિ. તેને પં. વિજયસુંદરગણિ પ્રણામ કરે છે.

૩૯



Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org

૪૪૨. સ્થાન—' પંચતીર્થિઆરો મંદિર '. સં. ૧૬૮૬ ના વૈશાખ સુદિ ૮ ના દિવસે, મહારાજ ગજસિંહના રાજ્ય સમયે મેડતાવાસી ઓસવાલ જ્ઞાતિના સુરાણા ગોત્રવાળી બાઇ પૂરીએ સુમતિનાથની પ્રતિમા કરાવી જેની પ્રતિષ્ઠા વિજયદેવસૂરિએ કરી. તેમની સાથે તેમના ઉત્તરાધિકારી આચાર્ય વિજયસિંહસૂરિ વિગેરે શિષ્ય પરિવાર હતો.

૪૪૩. સ્થાન-' નવો મંદિર '. વર્ણન ઉપર આપી દેવાણું છે. આ લેખનો પાઠ ગડબડવાળો છે. પ્રથમની ૪ પંકિતઓની સાથે પાછળની ૪ પંકિતઓનો સંબંધ બરાબર બેસતો નથી. મ્હારા ધારવા પ્રમાણે એમાં બે જુદા જુદા લેખોનો ભેળસેળ થએલો છે. મ્હને મળેલી નોંધમાં તે આજ પ્રમાણે અવ્યવસ્થિત રૂપે લખેલો હતો. એના પાછળના ભાગમાં જિનચંદ્રસૂરિનું વર્ણન છે તેમાં જણાવ્યું છે કે, તેમને અકબર બાદશાહે ' યુગ પ્રધાન 'ની પદવી આપી હતી. બાદશાહે તેમના કથનથી પ્રતિવર્ષ આષાઢ મહિનાના શુકલપક્ષના છેલ્લા આઠ દિવસોમાં જીવહિંસા નહિં કરવાનો ઠરાવ બહાર પાડયો હતો. તથા એક વખતે ૬ મહિના સુધી જીવહિંસા થતી બંધ કરાવી હતી. એક વર્ષ પર્યંત સ્તંભતીર્થ એટલે ખંભાતના દરિયામાં માછલીઓ મારવાનો મનાઇ હુકમ કરાવ્યો હતો. શત્રુંજય તીર્થનો કર બંધ કરાવ્યો હતો. સઘળા ઠેકાણે ગૌરક્ષા કરાવી હતી. તેમણે ' પંચનદી 'ના પીરની સાધના કરી હતી. જિનચંદ્રસૂરિની સાથે રહેનારાઓમાં, આચાર્ય જિનસિંહ, વા. સમયરાજ, વા. હંસપ્રમોદ, વા. સમયસુંદર અને વા. પુણ્યપ્રધાન મુખ્ય હતા.

( ૪૪૪-૪૫ )

આ બે લેખો મારવાડના સુપ્રસિદ્ધ જૈનતીર્થ ફલોધીના પાર્શ્વનાથના મંદિરમાંથી પ્રાપ્ત થયા છે. તપાગચ્છની પટ્ટાવલી પ્રમાણે એ મંદિરની પ્રતિષ્ઠા વિ. સં. ૧૨૦૪ માં પ્રસિદ્ધ આચાર્ય વાદી દેવસૂરિના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાથે થઇ હતી.* આ બંને લેખો, મૂળ મંદિરના દ્વારની બે બાજુએ કોતરેલા છે. પહેલા લેખમાં જણાવ્યું છે કે,–સં. ૧૨૨૧ ના માર્ગસિર સુદિ ૬ ના દિવસે ફલવર્ધિકા એટલે ફલોધીના દેવ શ્રી પાર્શ્વનાથના મંદિરમાં પ્રાગ્વાટ ( પોરવાડ ) જાતિના રોપિમુણિ અને ભં૦ દસાઢ એ બંને મળીને ચિત્રકુટિય સિલફટ સહિત ચંદુક આપ્યો. આ છેલ્લા વાકયનો અર્થ સ્પષ્ટ જણાયો નથી. કદાચિત ચિત્રકુટ એટલે ચિત્તોડમાં જરીએ ભરેલો ચંદરવો આપ્યો એમ અર્થ હોય.

બીજો લેખ ત્રણ શ્લોકમાં લખાએલો છે, અને તેમાં જણાવ્યું છે કે,–ફલવર્ધિકાપુરના પાર્શ્વનાથ મંદિરમાં શ્રેષ્ઠી મુનિચંદ્રે એક અદ્ભુત ઉત્તાનપટ્ટ (?) કરાવ્યો. વળી એ સેઠે લક્ષ્મટના કરાવેલા નરવર ( ગામનું નામ છે ? ) ના મંદિરમાં સુંદર મંડપ કરાવ્યો તથા અજયમેરૂ એટલે અજમેરમાં આવેલા શ્રીમહાવીરના મંદિરમાં શિખરોવાળા ચોવીસ દેવકુલો ( ન્હાનાં મંદિરો ) બંધાવ્યાં (?).